PG DISSERTATION (SANSKRIT)

**“બાળવિકાસના સંદર્ભમાં પંડિત વિષ્ણુ શર્મા અને શ્રી ગીજુભાઈ બધેકાની બાળવાર્તાઓનો તુલનાત્મક અભ્યાસ”**


**સંશોધક: એક્તા નંદનકુમાર યાજ્ઞિક**

**માર્ગદર્શક: ડૉ. ભૈરવી દીક્ષિત**

વિભાગ: PG અને P.G. ડિપ્લોમા અભ્યાસક્રમ (શિક્ષણ કેન્દ્ર),

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર


વર્ષ: 2022–2023


**સારાંશ**

આ સંશોધન પંડિત વિષ્ણુ શર્મા અને શ્રી ગીજુભાઈ બધેકાની બાળવાર્તાઓનું તુલનાત્મક અધ્યયન કરીને બાળવિકાસના પરિપ્રેક્ષ્યમાં વાર્તાસાહિત્યના વિવિધ તત્વોની અસરકારકતાનું વિશ્લેષણ કરે છે. બંને સાહિત્યકારોએ જુદા-જુદા યુગમાં કાર્ય કર્યું છે – પંડિત વિષ્ણુ શર્મા પ્રાચીન સંસ્કૃત યુગના પ્રતિનિધિ છે જ્યારે ગીજુભાઈ બધેકા આધુનિક ગુજરાતી બાળસાહિત્યના જનક ગણાય છે. તેમના ભાષાના પ્રકાર, શૈલી અને શિક્ષણ દૃષ્ટિકોણ પણ સંદર્ભભિન્ન છે.

વિષ્ણુ શર્માની વાર્તાઓ સંસ્કૃત ભાષામાં રચાયેલી છે જેમાં ‘પંચતંત્ર’ જેવી ગ્રંથરચનાઓનું મૂળસ્વરૂપ છે. તે વાર્તાઓમાં છંદ, અલંકાર, નૈતિક રસ, અને દ્રષ્ટાંતમય પાત્રોનો ઉપયોગ જોવા મળે છે. સંવાદો ઓછા અને કથન મુખ્ય છે. જ્યારે ગીજુભાઈ બધેકાની વાર્તાઓ સરળ, આત્મીય અને અનુભવજન્મ ભાષામાં ગુજરાતી ભાષામાં લખાયેલ છે, જેમાં બાળકના દૈનિક જીવન, રમતમાં રહેલા પાત્રો, તીવ્ર સંવેદનાઓ, જીવંત સંવાદો અને હૃદયસ્પર્શી વર્ણનો હોય છે.

વિષ્ણુ શર્માની વાર્તાઓ બૌદ્ધિક વિકાસ, નૈતિક દૃષ્ટિ અને વ્યવહારિક ચતુરાઈ માટે ઉત્તમ છે, જયારે ગીજુભાઈ બધેકાની વાર્તાઓ બાળમનને ભાવનાત્મક રીતે સ્પર્શીને વ્યક્તિગત મુલ્યમૂલ્યાંકન માટે પ્રેરણા આપે છે. વિષયવસ્તુથી લઈને શૈલી સુધી બંનેના સર્જનમાં પાત્રોની રચના, વાર્તાની રીત, છંદોની રચના, તથા સંવાદ તથા વાર્તાકથનનો અભિગમ પૃષ્ઠભૂમિની દૃષ્ટિએ જુદો હોય છતાં શૈક્ષણિક ઉદ્દેશ્યમાં સમાનતા ધરાવે છે.

પ્રસ્તુત સંશોધન દિશાનિર્દેશ અર્થે સ્પષ્ટ સૂચવે છે કે બાળસાહિત્ય માત્ર મનોરંજન પૂરતું નથી, પરંતુ બાળકના નૈતિક, બુદ્ધિગમ્ય, ભાવનાત્મક અને ભાષાગત વિકાસ માટે શક્તિશાળી સાધન બની શકે છે. બંને લેખકોની વાર્તાઓના તત્ત્વોનું તુલનાત્મક વિશ્લેષણ શૈક્ષણિક ઉપાધિઓ માટે નવી દૃષ્ટિ અને માર્ગદર્શિકા પૂરું પાડે છે.

આ રીતે, આ સંશોધન વાર્તાસાહિત્ય અને બાળશિક્ષણ વચ્ચે એક જીવંત સંવાદ રચે છે અને ભાષા, સમય, પાત્રો અને કથનશૈલીના તુલનાત્મક માધ્યમથી બાળકના સર્વાંગી વિકાસમાં વાર્તાઓના ઔપચારિક મૂલ્યને ઉજાગર કરે છે.